## હરિની દ્દષ્ટિ... - હરિન ભટ્ટ



ચાલ તારે ઘરે જવાનું છે... નોટબંધી પછી જેમ કાંઈ કાળુનાણું ન મળ્યું તેમ... તારા બધા રીપોર્ટ પછી અમને કોઈ રોગ નથી મળ્યો...!!

# ગાંધીનગર જિલ્લામાં મા નર્મદા મહોત્સવનો આરંભ

ગાંધીનગર, તા. ૬

ગુજરાતની જીવાદોરી એવી નર્મદા નદી પરના સરદાર સરોવર ડેમ ૧૩૮.૬૮ મીટર સુધી સંપૂર્ણ ભરાતા જળ વિધુત ઉત્પાદનમાં આશરે ૪૦ ટકા વધારો થશે, વાર્ષિક રૂપિયા ૪૮૦ કરોડની કિંમતની વધારાની ૧૨૦ કરોડ યુનિટ વીજળીનું ઉત્પાદન વધશે, તેવું આજરોજ ગાંધીનગર તાલુકાના ઉનાવા ગામ ખાતેથી મા નર્મદા મહોત્સવનો આરંભ કરાવતાં જિલ્લા પ્રભારી મંત્રી ડૉ. નિર્મલાબેન વાધવાણીએ જણાવ્યું હતું.







જિલ્લા પ્રભારી મંત્રી નિર્મલાબેન વાધવાણીએ વધુમાં જણાવ્યું હતું કે, ૭૦ વર્ષ અગાઉ ગુજરાતના સમતોલ વિકાસની કલ્પના કરતા લોખંડી પુરૂષ સરદાર પટેલે નર્મદા ડેમનું સ્વપ્ન ૧૯૪૬ના વર્ષમાં જોયું હતું. ત્યારબાદ આ ડેમનું નિર્માણ કાર્ય પુરૂ થયા બાદ તેની ઉંચાઈ ૧૩૮.૬૮ મીટર લઈ જવા માટે દરવાજા મુકવામાં અનેક સમસ્યાઓનો સામનો ગુજરાતની પ્રજાને કરવો પડ્યો છે. પરંતુ ગુજરાતના સપુત નરેન્દ્રભાઈ મોદી વડા પ્રધાન થતાં જ માત્ર ૧૭ જ દિવસમાં ડેમના દરવાજા લગાવવાની છુટ આપી હતી.

ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરે જણાવ્યું હતું કે, ગંગા, જમના, યુમના, ગોદાવરી જેવી અન્ય પવિત્ર નદીમાં સ્નાન કરવાથી પૂણ્ય મળે છે, પણ નર્મદા નદીના તો દર્શન કરવાથી જ પૂણ્ય મળે છે. આવી પવિત્ર નદી પર સરદાર સરોવર ડેમ બાંધવાની કલ્પના ગુજરાતના લોખંડી પુરૂષ સરદાર પટેલે જોયું હતું. નદી પર ડેમ બાંધવા માટે ૧૯૬૧ના વર્ષમાં ખાતમુહૂર્ત તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરૂના હસ્તે કરવામાં આવ્યું હતું. પરંતુ તે પછી ડેમની ઉંચાઈ વધારવા માટે રાજય સરકારને અનેક વર્ષોસુધી રાહ જોવી પડી હતી. પરંતુ દેશના વડાપ્રધાન તરીકે દેશની શાસનધુરા નરેન્દ્રભાઈ મોદીએ સંભાળી તેના ૧૭ જ દિવસમાં નર્મદા ડેમની ઉંચાઈ વધારવા માટેના દરવાજા મુકવાની મંજૂરી મળી ગઈ હતી. દરવાજા મુકવાથી ગુજરાતના વિકાસના દ્વારા ખુલી ગયા છે.

આ પ્રસંગે ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવિણભાઈ પટેલ, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, બાળ આયોગના ચેરમેન માણસાના પૂર્વ ધારાસભ્ય અમીતભાઈ ચૌધરી, પૂર્વ મંત્રી વાડીભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ કાળુસિંહ રાઠોડ, જિલ્લા ભાજપ પ્રમુખ નૈલેશભાઈ શાહ, શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી દેવાંગભાઈ દેસાઈ, મહાનગરપાલિકાના કમિશનર પ્રવિણા ડી. કે., મહોત્સવના નોડલ અધિકારી અને કૃષિ અધિકારી મહાવીરસિંહ વાઘેલા, ઉનાવા ગામના સરપંચ સંગીતાબેન અને ઉપ સરપંચ રમેશભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## રોટરી ક્લબનાં ડિસ્ટ્રીક્ટ ગવર્નર મૌલિનભાઈ પટેલ ગાંધીનગર ક્લબની મુલાકાતે

ગાંધીનગર, તા. ૬

રોટરી ક્લબના ડિસ્ટ્રીક્ટ ૩૦૫૪ અંતર્ગત ૧૨૬ ક્લબો આવેલ છે. ગુજરાત અને રાજસ્થાનની આ બધી ક્લબોનાં વડા શ્રી મૌલિનભાઈ પટેલ આજે રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરની ઓફીશીયલ ક્લબ વિઝીટે આવી રહ્યાં છે. તેઓ સવારે સેક્ટર-૮ સ્થિત આદર્શ નિવાસી કન્યા શાળા ખાતે સ્વેટર વિતરણ કાર્યક્રમમાં હાજરી આપશે.



ક્લબનાં પ્રમુખ શ્રી બી. કે. ચાવડાએ આ અંગે માહિતી આપતાં વધુમાં જણાવ્યું હતું કે ડિસ્ટ્રીક્ટ ગવર્નરશ્રી બપોરે ૧૨-૧૫ કલાકે બોર્ડ મિટીંગમાં હાજર રહી માર્ગદર્શન આપશે. ત્યારબાદ ક્લબ એસેમ્બલીને સંબોધન કરશે.

## સે-૩/ડી નવરાત્રી મહોત્સવ સમિતિના હોદેદારો નિમાયા

ગાંધીનગર, તા.૬

સેકટર-૩ ડી નવરાત્રી મહોત્સવ સમિતિના વર્ષ ૨૦૧૭ના હોદેદારોની વરણી કરવામાં આવી છે. જેમાં પ્રમુખ તરીકે પોપટલાલ એસ. પ્રજાપતિ, મહામંત્રી તરીકે એસ.પી.જાની, કા.મંત્રી તરીકે રાજુભાઈ ભટ્ટ, કા.પ્રમુખ તરીકે એ.ડી.પટેલ, નંદુભાઈ પ્રજાપતિ, જી.ડી.પટેલ, મહેન્દ્રભાઈ પ્રવાસી, ભરતભાઈ પટેલ તેમજ ખજાનચી તરીકે યોગેશભાઈ શાહ, ઓડીટર તરીકે કલ્પેશભાઈ શાહની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. સૌ હોદેદારોને સે-૩ડી વસાહતી ભાઈ બહેનોએ અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી છે.

## બી.જે.વી.એમ. કોમર્સ કોલેજમાં ઉકાળા અને હોમિયોપેથિક દવાઓનું વિતરણ

ગાંધીનગર, તા. ૬

'પહેલું સુખ તે જાતે નર્યા' ઉકિત મુજબ વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારૂતર વિદ્યા મંડળ સંચાલિત ભીખાભાઈ જીવાભાઈ વાણિજય મહાવિદ્યાલય (બી.જે.વી.એમ. કોમર્સ કોલેજ)ના રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ દ્વારા પ્રિન્સીપાલ ડૉ.કેતકી શેઠના માર્ગદર્શન મુજબ વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ અને એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર રૂપલ વોરા તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. પરેશ મોરધરા તથા સ્વયંસેવકો કિશન કોઠીયા, સાગર ભંડેરી, દર્શક આંકોલિયા દ્વારા સ્વાઈન ફલુ સામેના રક્ષણ માટેનો ઉકાળો તૈયાર કરવામાં આવ્યો હતો અને સંસ્થા ખાતે બીકોમ, બીબીએ તથા એમકોમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને ઉકાળાનું પાન કરાવાયું હતું.

આ ઉપરાંત શાસ્ત્રી મેદાન-વલ્લભ વિદ્યાનગર, ટાઉનહોલ-આણંદ તથા જુદા જુદા જાહેર સ્થળો ઉપર સંસ્થા દ્વારા નગરજનોને વહેલી સવારે આયુર્વેદિક ઉકાળાનું પાન તથા વિતરણ કરવામાં આવ્યું હતું.

વિશેષ આ સાથે સમયાંતરે હોમિયોપેથિક દવાઓ પણ આપવામાં આવી હતી અને સ્વાઈન ફલુથી રક્ષણ મેળવવા માટેના પગલાઓ-માર્ગદર્શન પણ પુરું પાડવામાં આવ્યું હતું.

# ગાંધીનગર સરકીટ હાઉસ ખાતે તંત્રીઓને નજરકેદ કરવામાં આવ્યા



ગાંધીનગર, તા. ૬

રાજ્યના પાટનગર ગાંધીનગર ખાતે આજરોજ સમગ્ર રાજ્યભરમાંથી અંદાજે ૯૦ જેટલા તંત્રી-પ્રકાશક મિત્રો ઈન્ડિયન ફેડરેશન ઓફ સ્મોલ એન્ડ મીડિયમ ન્યૂઝપેપર સંસ્થાના નેજા હેઠળ એકત્રિત થયાં હતાં. સૌએ એકસમૂહમાં બુલંદ અવાજે માહિતી ખાતા દ્વારા આપવામાં આવતી જાહેરખબરોમાં આચરવામાં આવતી ભેદભાવભરી નીતિનો સખત શબ્દોમાં વિરોધ કર્યો હતો. આજની આ બેઠક બાદ સૌ તંત્રીઓ એકજૂથ થઈને મુખ્યમંત્રીને આવેદનપત્ર આપવા જવાના હતા. જાહેરખબરો ફાળવણીમાં વ્હાલા-દવલાની નીતિ ઉપરાંત સને ૨૦૦૬થી ચાલ્યા આવેલા જાહેરખબરના દર બાબતે છેલ્લા ઘણાય સમયથી રજૂઆતો કરવા છતાં સરકાર કક્ષાએથી કોઈ યોગ્ય સંતોષપ્રદ કામગીરી કરવામાં નહિ આવતાં આખરે કંટાળીને આજે એક અગત્યની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકને અંતે મુખ્યમંત્રીના પ્રતિનિધિ અધિક કલેક્ટર જનસંપર્ક ચંદ્રેશ કોટકને હજુપણ એક વખત વિનંતિ સ્વરૂપે આવેદનપત્ર પાઠવ્યું હતું. આજની બેઠક બાદ કેબિનેટ મીટીગ રૂમ બહાર આશ્ચર્યજનક કાર્યક્રમ આપવાની વાત વહેતી થયેલ હોવાને કારણે સરકારે સરકીટ હાઉસ ફરતે કિલ્લેબંધી કરીને સૌ તંત્રીમિત્રોને નજરકેદ કરી લીધા હતા અને લગભગ ત્રણેક કલાક સુધી સૌ સરકીટ હાઉસમાં જ રોકાઈ ગયા હતા. ત્યારબાદ સાતેક જેટલા આગેવાનોએ મુખ્યમંત્રી કાર્યાલય ખાતે રૂબરૂ મળી રજૂઆત કરી યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી મેળવી હતી.

જો ૧૭ સપ્ટેમ્બર સુધીમાં સરકાર કોઈ યોગ્ય નિર્ણય નહીં લેવાય તો ૧૭મી તારીખે મહાસંમેલન યોજવાનો મક્કમપણે નિર્મય કરવામાં આવ્યો છે.

**રક્તદાન મહાદાન**

# સે. ૨૪માં કૂતરાંઓનો શિકાર બનતા જળકુકડીના ૩૮ બચ્ચાં બચાવાયાં

## જળકુકડી સાથે તેના બચ્ચાંઓને મુક્તિધામ ખાતે આશ્રય અપાયો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરનું મુક્તિધામ મુશ્કેલીમાં મુકાયેલા પશુ-પંખીઓનું આશ્રયસ્થાન બનવા પામ્યું છે.આજે અહીં વધુ ૩૮ પક્ષીઓને કૂતરાંઓનો શિકાર થતા બચાવી આશ્રય આપવામાં આવ્યો છે. સેક્ટર-૨૪માંથી બચાવાયેલી જળકુકડી અને તેના બચ્ચાં માટે મુક્તિધામે નવજીવન બક્ષ્યું છે.

કૂતરાંઓએ બચ્ચાંઓને ઘેરી શિકાર બનાવવા પ્રયાસ હાથ ધર્યો હતો. જેના પગલે બચ્ચાંઓએ કાગારોળ મચાવી હતી. બરાબર આ સમયે સ્થાનિક રહીશોમાંથી કેટલાક જીવદયાપ્રેમીઓએ લાકડીઓ વડે કૂતરાંઓને ભગાડ્યા હતા તથા જળકુકડી તથા તેના બચ્ચાંઓને બચાવી પૂંઠાના બોક્સ તથા બકેટ્સમાં ભરી મુક્તિધામ ખાતે સંપર્ક સાધ્યો હતો. આ અંગે માહિતી મળતા



સેક્ટર-૨૪માં રહેણાંક વિસ્તારની નજીક આવેલી જંગલી ઝાડીઓમાં એક બખોલમાં જળકુકડીએ તેના બચ્ચાંઓને જન્મ આપ્યો હતો. આ બચ્ચાઓ થોડાક મોટા થતા બખોલની આસપાસ ફરવા લાગ્યા હતા. જેને કારણે આ વિસ્તારના રખડતા કૂતરાંઓને 'આકડી મધ' દેખાયુ હતુ. આજે આ જુસિકા અગ્રણી જીવદયાપ્રેમી જીલુભા ધાંધલે તુરંત સ્થળ પર ધસી જઈ આ પક્ષીઓને સહીસલામત રીતે મુક્તિધામ ખાતે લઈ જઈ તેમના માટે મોટા સુરક્ષિત પાંજરાની વ્યવસ્થા સાથે ચણાની વ્યવસ્થા કરી હતી. આ સાથે તેમણે ભાદરવી પૂર્ણિમાના પવિત્ર દિવસે જીવદયાપ્રેમીઓના સદ્કાર્યને બિરદાવ્યું હતું.

# ભાદરવી પૂનમે ગીયોડ અંબાજી મંદિર ખાતે લાખો ભકતોએ દર્શન કર્યા

ગાંધીનગર, તા.૬

ભાદરવી પૂનમમાં શકિતના ભકિતના વિશેષ ગુણગાન ગવાય છે. ભાવિકો માંઈ દર્શન માટે અંબાજીના રુટ તરફ પગપાળા જતા નજરે પડતા હોય છે. માઈ ભકતો માટે આસ્થાનું કેન્દ્ર સ્થાન બનેલા અંબાજી શકિતપીઠના વિશાળ સંખ્યામાં ભાવિકો માતાજીની પૂજા અર્ચના દર્શનનો લાભ લે છે. આ વર્ષે પણ વરસાદી વાયરા વચ્ચે શ્રધ્ધાનું અખુટ ભાંથુ બાંધી માં ના દર્શન કાજે નીકળેલા પદયાત્રીઓની સંખ્યા વિશેષ જોવા મળી હતી. ભાદરવી પૂનમ નિમિતે માતાજીના દર્શન કરવા અંબાજી ખાતે ભકતોનું ઘોડાપુર ઉમટ્યુ હતું. વિશાળ સંખ્યામાં ભાવિકોએ દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. આ ઉપરાંત ગાંધીનગર નજીક સ્થિત ગીયોડ અંબાજી મંદિર પણ ભાવિકોના કેન્દ્ર સ્થાને રહ્યું હતું. ગીયોડમાં પણ પૂનમ નિમિતે દર્શન કરવા ભાવિકોની ભીડ ઉમટી હતી.જયારે રૂપાલના વરદાયીની મંદિરે પણ મોટીસંખ્યામાં માઈ ભકતોએ દર્શનનો લાભ લીધો હતો. ભાવિકોની ભીડને ધ્યાને લઈ મંદિર કમિટી તેમજ તંત્ર કક્ષાએ તમામ સુવિધા પુરી પાડવામાં આવી હતી.



ભાદરવી પૂનમે અંબાજી જતા ભકતોની સંખ્યા વિશેષ હોય છે. લાખો ભકતો માતાજીના ગુણગાન ગાતા પગપાળા અંબાજી પહોંચીને માં ના દર્શન કરી ધન્યતા અનુભવે છે. ત્યારે ગાંધીનગર નજીક ચિલોડા-હિંમતનગર હાઈવે પર સ્થિત ગીયોડ અંબાજી મંદિર ભકતોમાં અનેરી આસ્થાનું કેન્દ્ર સ્થાન ધરાવે છે.

જેને પગલે ગીયોડ ખાતે ભાદરવી પૂનમે ભકતોની ભારે ભીડ જામી હતી. આજે બે લાખથી વધુ ભકતોએ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. દહેગામ, નરોડા, ગાંધીનગર, માણસા, કલોલ સહિતના વિસ્તારમાંથી ભકતો આવ્યા હતા. ભકતોની ભીડને પગલે માર્ગ પર વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયો હતા. ભાદરવી પૂનમે મેળાની લાખો ભકતોએ મોજ માણી હતી. ત્યારે કેટલાક ભકતો ભાદરવી પૂનમ હોવાથી ગીયોડ અંબાજી મંદિર ખાતે પગપાળા પણ માતાજીના દર્શાનાર્થે આવ્યા હતા. ત્યારે બોલ મારી અંબે જય જય અંબેના નારાથી મંદિર પરિસર ગુંજી ઉઠ્યું હતું.

# શહેરના સે-૬/૭ બસ સ્ટેન્ડ પાસે દર્દથી કણસી રહેલું ઊંટ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરના સેકટર-૬ /૭ બસ સ્ટેન્ડ પાસે છેલ્લા ૧૦ દિવસથી દર્દથી ઉંટ કણસી રહ્યું છે. આ ઉંટનો પગ તુટી ગયો હોવાથી માલિક છોડીને જતો રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. ઉંટ હલન ચલન કરી શકતો ન હોવાથી સેવાભાવી નાગરીકો દ્વારા લિમડો તોડીને નાંખવામાં આવે છે. પરંતુ છેલ્લા ઘણા દિવસથી શહેરની મધ્યમાં કણસી રહેલા ઉંટની વ્હારે શહેરની એકપણ સેવાભાવી સંસ્થા કે કોઈ નાગરીકની નજરમાં આ ઉંટ આવ્યું નથી તે નવાઈ ઉપજાવે છે.





ગાંધીનગર શહેરમાં અનેક સેવાભાવી સંસ્થાઓ કાર્યરત છે. કેટલીક સંસ્થાઓના તો પશુ-પક્ષી માટે ડોક્ટર્સ પણ રાખવામાં આવેલ છે. સેવાભાવી નાગરીકો પણ અબોલ પશુ-પ્રાણીઓની સેવામાં સતત તત્પર રહેતા હોય છે. શહેરના માર્ગ વચાળે કોઈ પશુ અકસ્માતમાં ઘાયલ થાય કે તુરંત જ અનેક સેવાભાવી સંસ્થાને કોલ કરવામાં આવે છે. ત્યારે છેલ્લા ૧૦ દિવસથી પગ તુટી ગયો હોવાથી આ ઉંટ હલન ચલન કરી શકતો ન હોવાથી જે તે સ્થિતિમાં જ બેઠો છે. ઉંટની ગરદન પર બાદલ લખેલુ છે. કદાચ ચાલી શકે તેવી સ્થિતિમાં ન હોવાથી તેનો માલિક તેને ત્યાં જ છોડીને ચાલ્યો ગયો હોય તેવું લાગી રહ્યું છે.આજદિન સુધી કોઈ પણ વ્યકિત તેને લેવા આવી નથી કે પુછપરછ માટે પણ આવી નથી. અત્યારે હાલના સમયે તો સ્થાનિક સેવાભાવી નાગરીકો દ્વારા તેને ચારો નાંખવામાં આવે છે. અને તેની માવજત કરવામાં આવે છે. પરંતુ આ ઉંટ જાણે ડોક ઉંચી કરીને અહીથી પસાર થતી ગાડીઓ અને નાગરીકો સામે જોઈ રહે છે કોઈ સેવાભાવી નાગરીક કે સંસ્થાની નજર પડે મારા પર અને મને સારવાર મળી રહે. પરંતુ શહેરની એકપણ સંસ્થા કે કહેવાતા સેવાભાવી નાગરીકની નજર આ દર્દથી કણસી રહેલા ઉંટ પર પડી નથી તે વાત નવાઈ ઉપજાવે છે. શહેરમાં કાર્યરત અબોલ પશુ પક્ષીઓ માટે અનેક સંસ્થાઓ આવેલી છે ત્યારે જોવું રહ્યું કે શહેરની કંઈ સંસ્થા આ ઉંટને યોગ્ય સારવાર મળી રહે તે માટે આગળ આવે છે.

# સરકારી પ્રાથમિક શાળા સે-૨૯/૧માં જ્ઞાનકુંજ પ્રોજેકટ લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરની સરકારી પ્રાથમિક શાળા સેકટર૨૯-૧ ગાંધીનગર ખાતે જ્ઞાનકુંજ પ્રોજેકટના લોકાર્પણ પ્રસંગે સુંદર કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મીરાબેન રાવલ (જિ.શિ.તા.ભવનના લેકચરર), હિતેન્દ્રસિંહ ડી. રાઠોડ, (લાયઝન અધિકારી), બિપિનભાઈ રાવલ (એસએમસી શિક્ષણવિદ), નવલભાઈ પારઘી (એસએમસી અધ્યક્ષ), જાઈ બહેન (એનઆઈઆઈટી સંસ્થા) તથા એસએમસીના સભ્યો અને મોટીસંખ્યામાં વાલીગણ ઉપસ્થિત રહ્યો હતો. આ પ્રસંગે બિપિનભાઈ રાવલ અને હિતેન્દ્રસિંહ રાઠોડે બાળકોને પ્રેરણાદાયી વકતવ્ય પુરુ પાડ્યું હતું. આ પ્રસંગે શાળાના શિક્ષિકા મીનાક્ષીબેન જોષીએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત અને આભાર દર્શન કર્યું હતું.



**ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ નોટીસ નં.૬, સને ૨૦૧૭-૧૮**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નીચે દર્શાવ્યા મુજબના કામ માટે નાયબ કાર્યપાલક ઈજનેર, પાટનગર યોજના પેટા વિભાગ નં.૯, પાટનગર યોજના ભવન, બી-બ્લોક, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ટે.નં. ૨૩૨ ૫૯૧૬૫/૬૬)ની કચેરી દ્વારા ૩ (ત્રણ) સીવીલ કામો જેની અંદાજીત રકમ રૂ. ૨.૬૫ થી ૨.૯૯ લાખ છે. જે કામોના ટેન્ડરો માંગ્યા મુજબ જરૂરી યોગ્યતા ધરાવતા ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડર માંગવામાં આવે છે.

ટેન્ડરના દસ્તાવેજો તથા શરતો અમારી વેબસાઈટ www.rnb.nprocure.com ઉપરથી તા. ૧૯/૯/૧૭ના રોજ ૧૮.૦૦ કલાક સુધી જોવા તેમજ અપલોડ કરી ભરી શકાશે. શક્ય હશે તો તા. ૨૦/૯/૧૭ના રોજ ૧૦.૩૦ કલાકે બીડ ઓપનીંગ કરવામાં આવશે.

ટેન્ડર ફીના ડી.ડી. તથા બાનાની રકમની એફ.ડી.આર. અને જરૂરી યોગ્યતા અંગેના ડોક્યુમેન્ટ ઓન લાઈન મુકેલ ટેન્ડરમાં જણાવ્યા મુજબ ઈલેક્ટ્રોનીક ફોરમેટમાં (સ્કેન કરીને) ટેન્ડર સાથે અચુક અપલોડીંગ કરવાના રહેશે. તેમજ આ ડોક્યુનમેન્ટ (પ્રમાણિત કરીને) આ કચેરીમાં રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટ એ.ડી.થી તા. ૨૬/૯/૨૦૧૭ સુધીમાં કામકાજના સમય દરમિયાન મોકલી આપવાના રહેશે.

વધારાની માહિતી તથા ટેન્ડર નોટીસમાં સુધારાઓ અને ઓનલાઈન ટેન્ડર ભરવા માટે અમારી ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે.

માહિતી/૧૫૪૮/૧૭-૧૮